# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

નાની બહું જ લાગી ઘરબારની ઉદાસી,
જોઈ રહ્યો છું હું તો સંસારની ઉદાસી.

"કોઈ ન આવતું "ની કેવી અસર પડી છે,
બારીએ જઈને બેઠી છે દ્વારની ઉદાસી.

મારો સ્વભાવ છે ના પાડી નથી હું શકતો,
આવી, તો મેં ઉછેરી બે-ચારની ઉદાસી.

આવીને એને પહેલા કરવું પડે છે સાબિત,
ઈશ્વર ઘણી બધી છે અવતારની ઉદાસી.

પ્રશ્નોથી ફર્ક એને પડતો નથી કશોયે,
જેણે સહન કરી છે ઉદગારની ઉદાસી.

- લવ સિંહા

## પાથેય

- રમેશ ઠક્કર

# ઉદાસીની સાંજ...

આકાશ અસીમ છે..એના અનેક રંગ છે..અનેક મુડસ્ હોય છે..મન પણ અમર્યાદ છે..મનનાં પણ અનેક પડ છે..અનેક મનોભાવો છે..અભાવ પણ આવો જ એક મનોભાવ છે...

આથમતી સંધ્યાના ગેરુઆ રંગોની માફક ઉદાસીનો પટ પણ મનોપટ ઉપર વૉલપેપર બની ને કયારેક છવાઈ જતો હોય છે.."ઘાયલ" સરસ શબ્દોમાં દર્દ ને ઘુંટે છે..

'દુ:ખ વગર દર્દ વગર,દુ:ખ ની કશી વાતો વગર,
મન વલોવાય છે,કયારેક વલોપાત વગર. . !'

પ્રસન્નતા જેમ એક રંગ છે એમ ખિન્નતા પણ આગવો અંદાજ હોય છે!

આપણું મન ઉદાસ કેમ થાય છે? અભાવો..અતૃપ્તિ...કે અસફળતા.. એમાં કારણભૂત હશે.. પરંતુ ઉદાસી ઘણીવાર અકથ્ય કારણો થી પણ ઘેરાઈ જતી હોય છે..

ઉદાસીની સાંજ હોય છે..સવાર નથી હોતી..આછું અંધારું એનું ઉદઘોષક બની જાય છે. કોઈકની યાદ..અભાવની કોઈક પળ અને એની ચુભન જયારે ડંખે છે ત્યારે આપણું મન કોઈકને ઝંખે છે.."ખામૌશી" ફિલ્મ નું આ ગીત આ મનોવ્યથાને બરાબર વ્યક્ત કરે છે..

' વૉ શામ કુછ અજીબ થી..યે શામ ભી અજીબ હૈ. . વૉ કલ ભી પાસ પાસ થી વૉ આજ ભી કરીબ હૈ..!

'એકાકી હોવું એ માણસ હોવાની સજા હશે? કોઈ વાઘ કે હરણને આપણે વિચારમગ્ન જોયાં હશે? માણસ એકલો થઈ શકે છે..એટલે જ એને કશાકની ઝંખના હોય છે. અજંપાનાં અંજળપાણી માણસના કિસ્મતની જ દેન છે..! સુખની અનુભૂતિની આપણને તલાશ હોય છે..પણ એ એટલી સહજ નથી.. અડચણો આપોઆપ મળી જતી હોય છે...

શરૂઆતમાં અભાવોનો એનો ડર લાગે છે પછી એ આપ્તજન બની જાય છે..આદત બની જાય છે..આપણું મન એનો જયારે નિવાસ બને છે..ત્યારે એ પણ એક સહવાસ બની જાય છે..સતત સતાવતી મુશ્કેલીઓ ઘણા સમય સુધી ના મળે તો અચરજ પણ થાય છે..ત્યાં જ ફરીથી નાના બાળક ની જેમ એ ડોકાઈ જાય ત્યારે મન કહી ઉઠે છે..

"તું આ ગઈ.. ગર્દિશે મસ્તાની...?
બડી મહેરબાની.બડી મહેરબાની."

મુસીબતોને મસ્તાની કહેવામાં જ કદાચ અનોખી મસ્તી રહેલી છે!

# કુમળાં કાળજડાં કોરતા રંગદર્શી લેખક...પન્નાલાલ પટેલ



સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

"મારી પાસે આદર્શ કે ભાવના જેવું કશું છે જ નહીં, મારી પાસે 'જીવન' છે..ને એને હું સારી પેઠે ઓળખું છું.આ જીવનને મેં સાહિત્યની કસોટીએ ચડાવેલું છે.."

આ શબ્દો છે ગુજરાતી ભાષાના રંગદર્શી લેખક પન્નાલાલ પટેલના..સાતમી મે એમનો જન્મદિવસ છે..તારીખ ૭/૫/૧૯૧૨ ના રોજ મેઘરજની સરહદે આવેલા નાનકડા ગામ માંડલીમાં એમનો જન્મ.જે ભૌગોલિક રીતે રાજસ્થાનમાં આવે છે..હમણાં જ મેં માંડલીની મુલાકાત લીધી હતી..પન્નાલાલ પટેલને જયાં દિવ્ય અનુભૂતિ થઈ હતી એ ખંડમાં પ્રવેશતાં જ એક રોમાંચ મારા સમગ્ર શરીરમાં વ્યાપી ગયો હતો...

એમનો પ્રથમ વાર્તાસંગ્રહ "સુખદુ:ખનાં સાથી" એની નાયિકા અંધ જમની અને દિવ્યાંગ કથાનાયક ચમનો દારૂણ ગરીબાઈમાં જીવતાં મનેખ..ભીખનો ધંધો એમાં પણ સ્પર્ધા...કરૂણા અને ધીમેધીમે એકબીજા માટે પાંગરતો પ્રેમ..વાહ..ભીખારીઓ પણ ઉચ્ચ પ્રેમની અનુભૂતિ કરી શકે ,એ આપણા કથા સાહિત્યમાં પન્નાલાલ સૌ પ્રથમ લઈ આવ્યા..કુમુદ કુસુમ મંજરી રોહિણી જેવી નાયિકાઓની દુનિયામાં જમનીની વ્યથાકથા ગુજરાતી વાર્તાને એક નવા જ મુકામ ઉપર લઈ ગઈ..મારા મતે આપણી ભાષાની આ પ્રથમ 'દલિત વાર્તા " હતી જેની છાપ આજે પણ અમીટ છે..

એ પછી ઈ સ.૧૯૪૦માં આવેલી "વળામણાં" લઘુનવલ ગ્રામ્ય પરિવેશનો અનોખો ઉઘાડ છે..મનોરદા મુખી,પંચાતિયાઓ,અને શોષિત નાયિકા ઝમકુની ગજબ કથા છે... ગામડું એટલે ગોકુળિયું જ એવો ભ્રમ આ કથા એ ભાગી નાખ્યો..ઝવેરચંદ મેઘાણી આ કથા ઉપર ન્યોછાવર હતા..એમના આગ્રહથી પન્નાલાલે ઈ.સ.૧૯૪૧માં "મળેલા જીવ " લખી જેમાં કાનજી જેવો ખેડુતપુત્ર અને સમાજના નીચલા સ્તરની ગણાય એવી નાયિકા જીવી અને એમનો ઉચ્ચ પ્રેમ..અહાહા...ગુજરાત ઘેલું બની ગયું..ન્હાનાલાલ જેવા પંડિત મહાકવિને ગ્રામીણ પાત્રોમાં આટલી ઉદાત્તતા હોય એ જ ના સમજાયું..પરંતુ ૧૯૪૭માં આવેલી "માનવી ની ભવાઈ" પછી તો પન્નાલાલ પંડિતોને પણ સમજાઈ જ ગયા..!

મને નજીકથી જાણવા વાળા પન્નાલાલના અઠંગ ભાવક અર્થાત 'ફેન ' તરીકે ઓળખે છે..ઘણાને તો એ દિવાનગી પણ લાગે છે..હું એમને મળેલો છું. એમનો સ્પર્શ પામ્યો છું..મારી કિશોરાવસ્થામાં મેં એમની મોટાભાગની નવલકથાઓ વાંચી નાખી હતી..એમની વાર્તાઓ ભાન ભુલીને વાંચી છે.એમની એક એક વાર્તા ઉપર એક એક પ્રવચન રાખી શકાય. એવી પારાયણનું કોઈ આયોજન કરે તો સતત એક અઠવાડિયું પન્નાલાલ કથામાળાનો વકતા બનવાની મારી તૈયારી છે..મારે એવી સાત વાર્તાઓ પસંદ કરવાની હોય તો શરૂઆત આટલી કથાઓથી કરૂં..

**૧ વાત્રકને કાંઠે**
**૨ લાડુ નું જમણ**
**૩ કાશીમાની કૂતરી**
**૪ સાચી ગજિયાણીનું કાપડું..**
**૫ ઘડાતો તલાટી**
**૬ કંકુ**
**૭ આંટી**

અવનવી દેહાતી દુનિયાનાં દર્શન કરાવનાર આ રંગદર્શી લેખક જીવનની હાડમારીઓ અને અભાવો સામે ઝઝૂમતાં ૧૯૪૭માં ટી.બી.જેવા અસાધ્ય રોગનો ભોગ બને છે..ત્યાં સુધી તો એ રોમેન્ટિક ,અલ્લડ લેખક તરીકે રમમાણ હોય છે..ઈ.સ.૧૯૫૦માં એમને રણજીતરામ સુવર્ણચંદ્રક મળે છે..ઈ.સ.૧૯૮૫માં ભારતનો સૌથી મોટો સાહિત્યિક પુરસ્કાર "જ્ઞાનપીઠ " પણ મળે છે..પરંતુ બિમારી દરમ્યાન એમને દિવ્ય અનુભવ થાય છે. અને ગ્રામ્યકથાઓના આ લેખક ધાર્મિક અને પૌરાણિક કથાઓ તરફ વળે છે એ પન્નાલાલનો બીજો અવતાર...જેને પાંચ ભાગમાં પ્રગટ થયેલી એમની આત્મકથામાં લેખક "રોગમાંથી યોગમાં ' એ શિર્ષક હેઠળ રસપ્રદ રીતે વર્ણવે છે...

"હું ભાગ્યે જ કદી ભ્રમમાં હોઉં છું.." લેખન બાબતે એ સ્પષ્ટ હતા..એમની એક નવલકથાનો નાયક ગલાલસંગ કહે છે એમ.."આપણી તરવારે તેજ હોગા તો આપ પટા કરેંગે જી.."..આ લેખકની ખુમારી પણ જોવા જેવી છે..આપતીઓના ઘેરા વચ્ચે "છ છ પૈસા છ છ પૈસા.." એમ કહી રેલગાડીની મીમીક્રી કરતો પનો પછી તો એવો મોટો લેખક બની જાય છે કે એની ડિમાન્ડ જોઈ ભલભલા દિંગ થઈ જાય છે અને પન્નાલાલ પણ પ્રચુર માત્રામાં લખતા જાય છે..એમની રમુજી શૈલીમાં કહીએ તો "આટા તોલ કે હંડી જલતી હૈ" ની માફક..વિપુલ સર્જન એ પણ એમની દેન છે...

પન્નાલાલ પટેલ એ ગુજરાતી વાર્તાજગતનું એવરેસ્ટ છે..એમની નવલિકાઓ કે નવલકથાઓ એ આપણો વારસો છે..વાર્તાકાર પન્નાલાલ કવિતા પણ લખે ? એમનાં દેહાતી પાત્રો અને તળપદો પરિવેશ એમાં રસપ્રદ કથાવર્ણન વચ્ચે એ ઘણીવાર પદ્યનો પમરાટ પણ ફેલાવતા..."ના છૂટકે" નવલકથાની નાયિકાનું નામ દરિયાવ છે...એની ઉપર વરસતા કવિ પન્નાલાલને આવો માણીએ....

**દરિયાવ, દાબી દે અણિયાળી આંખો;**
**ઢાળી દે પોપચાંની પાંખો**
**જીરવી નાં જાય**
**ઝેરીલી જીરવી નાં જાય.**
**દરિયાવ, ઢાંકી દે છાતડિયે છેડો,**
**તાણી દે કાપડાની કોહો**
**ઝાલ્યાં ના જાય-**
**જીવડો ઝાલ્યાં ના જાય.**

**દરિયાવ વે'તરી નાં મેલ્ય વેણો,**
**આંટી દે અંબોડે ફેણો,**
**મનખો રોળાય-**
**મુજનો મનખો રોળાય. !**

**દરિયાવ રે'વા દે લચકાતો લે'કો,**
**મે'લી દે મોરલાની ગે'કો**
**કાળજડાં કોરાય,**
**કુમળાં કાળજડાં કોરાય !**

પન્નાલાલ વૈશ્વિક લેખક છે એવું મારૂ વિધાન સહજ છે..મને તો એમાં કોઈ શંકા જ નથી..રેશનલ હોવા છતાં પણ હું માનું છું કે લેખક પન્નાલાલ પટેલ એક ચમત્કાર છે.."ઉજડ આભલે અમી " નામનું માનવીની ભવાઈનું છેલ્લું પ્રકરણ એ વખતે ખાસ્સી ચર્ચાનો વિષય બનેલું..પણ આજે એ કલાત્મક કૃતિની ટોચ ગણાય છે..ચંદ્રકાંત બક્ષી એમનાં દેહાતી પાત્રો અને વાતોથી વિસ્મય પામતા. રઘુવીર ચૌધરી એમને ભોળા નથી માનતા..ભીતરથી એ સજજ લેખક છે એવી એમને પ્રતિતી થયા કરી છે..ઉમાશંકર તો એમના રૂમ પાર્ટનર જ હતા. પન્નાલાલ અને એમની બાલ્યાવસ્થાની "બાઈજી" ને "રંગ વાતો" આ બધાથી પરિચિત..પન્નાલાલ સારું લખી જ શકે એવી ઉમાશંકરની દ્રઢ શ્રધ્ધા જ આપણા સાહિત્યને એક દિગ્ગજ સર્જક આપી ગઈ..૬ એપ્રીલ ૧૯૮૯ ના રોજ એમનો દેહવિલય થયો પરંતુ પન્નાલાલ પટેલના શબ્દનો વિલય કયારેય નહીં થાય.. માંડલીમાં હાલે જર્જરિત એમનું ઘર અને જે ખેતરમાં બેસીને એમણે "માનવીની ભવાઈ " નવલકથા લખી હતી એ ખેતરની મારી દિકરી સાથે લીધેલી મુલાકાત મારા જીવનનું યાદગાર સંભારણું છે,,

- rrthakkar2@gmail.com

# સાપ્તાહિક રાશિફળ (તા. ૬-૫-૨૩ થી ૧૨-૫-૨૩ સુધી)



જ્યોતિષાચાર્ય
વિષ્ણુભાઈ વૈષ્ણવ

૧. મેષ રાશિ (અ.લ.ઈ.)

આ સપ્તાહ શારીરિક માનસિક તકલીફ ચાલુ રહે, આવકથી લાભ, મિત્રો-સ્નેહીથી સુમેળ અને સહકાર. ધંધા વ્યવસાયમાં સામાન્ય - ભાઈઓના સહકાર મળે. મકાન,વાહન, જમીનના કામો થાય. નવા આયોજન થાય. જાહેર કામોથી નુકશાન. દાંપત્યજીવન સુમેળભર્યું રહે. ભાગ્યોદય થાય. સંતાન અંગે પ્રશ્નો ઉભા થાય. નોકરિયાત માટે પ્રયત્નો સફળ થાય. વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની ગંભીરતા સમજી મહેતન કરવી. દુર્ગા પૂજા કરવી.

૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.)

આ સપ્તાહ આપે આપણની કાળજી લેવી, કૌટુંબિક પ્રશ્નો ઊભા થાય. આવકમાં વધારો થાય. ભાઈ-ભાંડુ સહકાર મળે. જમીન-મકાન અંગેના કામો થાય. દાંપત્ય જીવન સુમધુર રહે.લાભમાં હાનિ. ધંધા - વ્યવસાયમાં નવું આયોજન ન કરવું. કોર્ટ - કચેરીના પ્રશ્નો ઉકલે. શત્રુ વિજય થાય. માનહાનિ થાય. શત્રુ પર વિજય થાય. નોકરિયાત વર્ગ માટે નાણાંકીય લાભ થાય. વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મળે. સૂર્ય ઉપાસના કરવી.

૩. મિથુન રાશિ (ક. છ. ઘ.)

આ સપ્તાહ આપને વધુ સ્ફૂર્તિ જણાય. શારીરિક પ્રશ્નો ઊભા થાય તો કાળજી લઈ તુરત ઉપાય કરવો. મિત્ર-વડીલો સ્નેહીજનોથી લાભ કાર્યોમાં સફળતા મળે. ધંધા-વ્યસાયમાં સમય સાનુકૂળ જમીન, મકાનના પ્રશ્નો, યથાવત રહે. વિવાદિત પ્રશ્નોથી દૂર રહેવું. સ્ત્રી વર્ગ માટે નવીન કાર્યો થાય. વિદ્યાર્થી માટે આ સપ્તાહ ઉચ્ચ અભ્યાસ માટે કરેલ પ્રયત્નો સફળ થાય. નોકરિયાત માટે બદલીના સંજોગો ઊભા થાય. ગાય તેમજ અન્ય પશુઓને ચારો નાખવો.

૪. કર્ક રાશિ (ડ.હ.)

આ સપ્તાહ તમારી આદતો બિમારીને નોતરું આપી શકે છે. આહાર પર નિયંત્રણ રાખવું. ધંધો વહેપાર સારો ચાલે. આવક થાય, માન સન્માન વધે. હૃદય અશાંત રહે. અસ્થિરતા જણાય. કોઈને ઉધાર નાણાં ન આપવા. માનસિક તણાવ રહેશે. ઘર - વાહનની ચિંતા રહે. દાંપત્ય જીવન સરળ રહે. ભાઈ-ભાંડુ મદદ કરે. વિદેશ ગમન થઈ શખે. નોકરિયાત માટે સહકર્મચારીથી સુમેળ રહે. પેન્ડીંગ કામ થાય. વિદ્યાર્થીઓ માટે વિદેશ ગમન થઈ શકે. શિવ ઉપાસના કરવી.

૫. સિંહ રાશિ (મ.ટ.)

તમારા સ્વાસ્થ્ય જીવન માટે સમય અનુકુળછે. તંદુરસ્તીનો આનંદ લો. આર્થિક દષ્ટિએ ખૂબ સારો સયમ છે. તેમ છતાં નાણાંકીય સંકડામણ રહે, ભાગ્ય અવરોધ જણાય. કાર્યસિદ્ધિ મળે. મુસાફરીથાય. દાંપત્યજીવનમાં આંતરિક શક્તિ વધતા શાંતિ મળે. ધંધા વ્યવસાયમાં આકસ્મિક લાભ શાંતિ મળે. ભાવનાત્મક બાબતોને ટાળો. સમય વિદ્યાર્થીઓ મોહ ખાસ મહત્ત્વનો જણાય. નોકરીમાં રાહત, સૂર્ય ઉપાસના કરવી.

૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.)

આ અઠવાડિયે માનસિક શાંતિ જણાય. તાણથી દૂર રહેશો. આર્થિક દૃષ્ટિએ જૂનું રોકાણ તકલીફમાં મૂકે. નુકશાન કરાવે. નિકટના મિત્ર, સ્નેહી છૂટા પડે. કોઈ પણ વિવાદ ઊભો થાય. મતભેદ જણાય. મતભેદ સંબંધોમાં ગેરસમજ ઊભી કરે. દાંપત્યજીવનમાં વિઘ્ન, મુસીબત, સરકારી કામોમાં વિઘ્ન નેત્ર પીડા થઈ શકે. નોકરિયાત માટે સમય સામાન્ય જાય. વિદ્યાર્થીઓ ધાર્યું પરિણામ મેળવે. સરસ્વતી ઉપાસના કરવી.

૭. તુલા રાશિ (ર.ત.)

આ સપ્તાહ આપની તંદુરસ્તી સારી રહે. આપ આનંદમય સમય પસાર કરો. આર્થિક ક્ષેત્રે આપની આવકમાં બ્રેક લાગે. દાંપત્યજીવનમાં ઉદ્વેગ, ભાગીદારીના ધંધામાં વાદવિવાદ થાય. પ્રશ્નો ઉભા થાય. સંતાન અંગે પ્રશ્નો ઊભા થાય. જોકે વિચારમાં શુભ પરિવર્તન આવે. ભાગ્યોદય થાય. નોકરિયાત વર્ગ માટે પ્રમોશન થઈ શકે. વિદ્યાર્થી માટે વિદેશગમન અંગે વિચારી શકાય. ગાયત્રી પૂજા કરવી.

૮. વૃશ્ચિક રાશિ (ન.ય.)

આ સપ્તાહ આપની આરોગ્ય સુખારા સારી રહે. આર્થિક પાસા અવળા પડે. જમીન,મકાન, ખરીદવા હોય તો ખરીદી શકાય. વિજય પ્રાપ્ત થાય. શત્રુરોગ નાશ થાય. સહકારશ્રી દ્વારા લાભ થાય. સામે ખર્ચ પણ થાય. દોડધામ થાય. કોર્ટ કચેરીના કામમાં સારું પરિમાણ આવે. સ્ત્રી વર્ગ માટે ખર્ચના પ્રસંગ બને. વિદ્યાર્થી માટે ઉચ્ચ અભ્યાસમાં પ્રગતિ થાય. વિષ્ણુ સહસ્ત્રનાથ પાઠ કરવા.

૯. ધન રાશિ (ભ.ધ.ફ.થ.)

આ સપ્તાહ આપની શરીર સુખાકારી સારી. આર્થિક મુસીબત આવે. સંતાન તરફથી અશાંતિ ઊભી થાય. ઉઘરાણી બાકી હોય તો આવક થાય. વડીલનો સહકાર મળે. ખરીદી થાય. સ્ત્રી વર્ગ માટે અશુભ. ધંધા વ્યસવાયમાં સામાન્ય - ભાઈભાંડુ મિત્રથી પરેશાની. જમીન, મકાન, ફાયદો કરાવે. નોકરીમાં રાહત. વિદ્યાર્થી વર્ગ માટે સમય સાનૂકળ રહે.

૧૦. મકર રાશિ (ખ.જ.)

આ અઠવાડિયું આંખોની ખાસ કાળજી લેવી. હાડકાંના રોગ થઈ શકે. આવક અંગે પ્રશ્ન ઊભા થાય. મકાન અંગે વિખવાદ. માતાની તબીયત જાળવવી. અશાંતિ જણાય. નોકરી બદલવી. યશમાન પ્રતિષ્ઠા વધે. સંબંધીઓથી ફાયદો થાય. સ્ત્રી વર્ગ માટે સામાન્ય સમય. લોન-કરજ મળે. નોકરીમાં રાહત પરંતુ ફસાઈ ન જવાય તે જોવું. વિદ્યાર્થી માટે મહેનત જ પરિણામ આપે. હનુમાનજી ઉપાસના કરવી.

૧૧. કુંભ રાશિ (ગ.શ.સ.ષ)

આ સપ્તાહ આપને માનસિક અશાંતિ, જણાય, આર્થિક ક્ષેત્રે સાહસ થાય. મિત્ર સુખ માટે, ભાગ્ય હાનિ થતી જણાય. ધંધામાં નુકશાન થાય નહિ તે જોવું. પિતાની કાળજી લેવી. સાહસ કરવું. સ્ત્રી વર્ગ માટે સુખાકારી, નોકરીમાં બઢતી સાથે બદલી, અધિકારી સાથે સંબંધ સુધારવા. વિદ્યાર્થી માટે અડચણ આવે. અન્નદાન કરવું.

૧૨. મીન રાશિ. (દ.ચ.ઝ, થ.)

આ સપ્તાહ આપનું આરોગ્ય સુખાકારી આપે. આર્થિક દૃષ્ટિએ આપને સરખા પ્રમાણમાં શુભાશુભ અસરો જોવા મળે. આવક થાય સામે ખર્ચ પણ થશે. મકાન, જમીન વગેરે ખરીદી શકો. ફાયદો થાય. અકસ્માતથી બચવું કાળજી લેવી. ધંધા વ્યવસાય નવું સાહસ ન કરવું. દાંપત્ય જીવનમાં અન્યને કારણે પ્રશ્નો ઉભા ન થાય તે જોવું. ભાઈ-ભાંડુ કુટુંબનો સહકાર મળે. સ્ત્રી વર્ગ માટે માનસિક ઉદ્વેગ. નોકરીમાં સ્થાનફેર થઈ શકે. વિદ્યાર્થીઓ માટે ભાવિ કારકિર્દીના ઘડતર માટે આયોજન થઈ શકે. શિવ ઉપાસના કરવી.

મો. ૯૮૨૪૬૪૭૪૩૫

### આ સપ્તાહનાં તહેવારો - પંચાગ

તા. ૬-૫-૨૦૨૩ શ્રી નારદમુનિ જયંતિ
તા. ૮-૫-૨૦૨૩ સંકષ્ટ ચતુર્થી
તા. ૯-૫-૨૦૨૩ રવિન્દ્રનાથ ટાગોર જયંતિ
તા. ૧૦-૫-૨૦૨૩ શ્રી ભુવનેશ્વરી માતા પાટોત્સવ
તા. ૧૨-૫-૨૦૨૩ કાલાષ્ટમી

# અંધારે અથડાતા... હે, શોધો દિવો ન કાં ભલા?



ઉજળો વારસો
સતીષ ચારણ

sscharan_aaa@yahoo.co.in

જે સાત ઋષિઓએ સમાજ સુધારણા, વિજ્ઞાન, કથા વાર્તા, યોગ વિજ્ઞાન, માન્યતાઓ વિગેરે દ્વારા સમાજ સંવર્ધનું કાર્ય કર્યું હતું તેમાં ગૌતમ બુદ્ધ એક હતા. તેમણે માણસોને ખોટી ભ્રમણાઓ, માન્યતાઓમાંથી ઉગારી ધર્મ પરિવર્તન માટેના સાર્થક પ્રયોગો કર્યા હતા.

અગ્નિ વિના મીણબત્તી ન સળગે , તેમ અધ્યાત્મ વિના માનવી જીવી ન શકે. હિંદુ ધર્મની માન્યતા મુજબ ભગવાન વિષ્ણુના દસ અવતારમાંથી ગૌતમ બૂદ્ધના અવતારને નવમો અવતાર માનવામાં આવે છે. જ્યારે ધર્મના નામે થતો પાખંડ, કર્મકાંડ, યજ્ઞના નામે થતી પશુ બલી જેવી ધાર્મિક બદીઓએ માજા મુકી હતી તેવા સમયે ઈ.સ. ૨૫૦૦ વર્ષ પૂર્વે હિમાલયની તળેટીથી આગળ નેપાળની તરાઈમાં કપિલવસ્તુ નગરીમાં શાક્ય કુળના ક્ષત્રિય રાજા શુદ્ધોધન અને માતા માયાદેવીની કૂખે જન્મેલા સિદ્ધાર્થની માતાનું જન્મના સાતમા દિવસે અવસાન થતાં તેમનો ઉછેર તેમની પાલક માતા ગૌતમીએ કર્યો હતો. તેથી તે ગૌતમ મુનિના નામે ઓળખાયા અને શાક્ય કૂળના હોવાથી શાક્ય મુનિ તરીકે પણ ઓળખાય છે. ગૌતમ બુદ્ધે જીવનનાં ૮૦ વર્ષ આધ્યાત્મિક ચિંતન અને બૌદ્ધ ધર્મના પ્રચાર પ્રસાર અર્થે સર્મિપત કર્યા.

રાજકુમાર હોવાથી તેમનું બાળપણ બહુ વૈભવી વાતાવરણમાં વીત્યું હતું, દરેક ઋતુ પ્રમાણે અલગ અલગ મહેલમાં રહેવાનું. કોઈ વસ્તુનો અભાવ નહીં. યુવાન થતાં તેમને રાજકુમાર જાહેર કર્યા અને તેમના લગ્ન યશોધરા સાથે થયાં હતાં. સમય જતા તેમને રાહુલ નામના પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. પણ તેઓ જુવાની, વૈભવ, એશા-આરામ કેવળ ભોગવતા નહોતા પણ તેનો આરંભ, અંત, એમાં કેટલું સુખ અને દુ:ખ, ભોગનો સમય વિગેરેનો વિચાર કરતા કરતા એમના મનમાં એવો વિચાર આવ્યો કે દરેક માણસ ઘડપણના સપાટામાં આવવાનો છે, વ્યાધિના સપાટામાં આવવાનો છે છતાં પણ તે ઘરડા માણસ, વ્યાધિગ્રસ્ત માણસનો તિરસ્કાર કેમ કરે છે? હુ પણ ઘરડો થવાનો છુ... વ્યાધિગ્રસ્ત થવાનો છું તો આવા ઘરડા, વ્યાધિગ્રસ્ત માણસ પ્રત્યેનું આવું વર્તન મને ન શોભે...બસ આ વિચારે એમનો જુવાનીનો મદ જતો રહ્યો.

૨૯ વર્ષની વયે તેમને અચાનક એવું લાગવા માંડયું કે ભૌતિક સંપદા જ જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય નથી. આ જ મનોવ્યથા સાથે તે એક દિવસ નગરચર્યા કરવા માટે નીકળ્યા. આ દરમિયાન ઘરડો, રોગી, શબ અને સંન્યાસીનું દર્શન થયાં...જરા, વ્યાધિ અને મરણનું રૂપાંતર ક્ષણે ક્ષણે દેખાતાં તેમને સુખોપભોગ તરફ કંટાળો આવવા લાગ્યો. સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉપજ્યો. એ રાત એમના માટે મહાભિનિષ્ક્રમણની રાત હતી. આ વાસ્તવિકતામાંથી જીવન જીવવાનો સાચો માર્ગ મળ્યો. જીવન મ્રુત્યુ જેવી નાશવંત ઘટનાઓ પાછળ દોડવા કરતાં જે સાશ્વત છે તે આત્મા સ્વરૂપને પામી લેવું જોઈએ અને તે જીવનનાં દુ:ખોમાંથી મુક્તિનો માર્ગ શોધવા માટે વૈભવી જીવનનો ત્યાગ કરીને ભિક્ષુક બનીને નીકળી ગયા. તેમણે ધમ્મપદમાં લખ્યું કે:

નિત્ય બળતા અગ્નિમાં આ હાસ્ય ને આનંદ શા? અંધારે અથડાતા, હે, શોધો દિવો ન કાં ભલા?

સિધ્ધાર્થ પોતાના માતા-પિતા, પત્નિ-પુત્ર, સગાસંબધી પ્રત્યે નિષ્ઠુર નહોતા, તેમનું હ્રદય તો પારિજાતકથી પણ કોમળ હતું. પોતે મોક્ષ પ્રાપ્ત કરવાના હેતુથી નહીં પણ તેની સાથે સાથે જગત કલ્યાણનો માર્ગ શોધવાની આવશ્યતા હતી અને તેથી જ રાતોરાત ઘર છોડી નિકળી પડ્યા. તેમની જીવનદિશા બદલાઈ ગઈ.

મગધના ગયાજી નામના સ્થળે એક બોધિ વૃક્ષ નીચે બેસી તપ કર્યું. વૈશાખી પૂર્ણીમાએ તેમને જ્ઞાન પ્રાપ્ત થયેલ તેથી આ પૂર્ણિમાને બુદ્ધ પૂર્ણિમા તરીકે ઉજવે છે. અને આ જ દિવસ હતો તેમના રાજકુમાર સિદ્ધાર્થથી બુદ્ધ ભગવાન તરફનું પ્રયાણ.

હજારો માણસોએ એમનું શિષ્યત્વ સ્વીકાર્યુ. એમણે શિષ્યોના ત્રણ ભેદ પાડ્યાઃ ગ્રૂહસ્થ, ઉપાસક અને ભિક્ષુ. મનુષ્યને પોતાની ઓછીવત્તી શક્તિ પ્રમાણે મન, કર્મ અને વચને નિષ્ઠા થાય અને અષ્ટાંગ-માર્ગની સાધના કરતાં કરતાં તે બુદ્ધદશાને પામે એ હેતુને અનુકૂળ આવે એવી રીતે બુદ્ધે ધર્મનો ઉપદેશ કર્યો. બુદ્ધ સંપ્રદાય કોઈ દૈવત, સિદ્ધાંતો, વિધિઓ, કલ્પના, વાદ કે વ્રતોમાં શ્રદ્ધા રાખવાનું ન કહેતા સામાન્ય નીતિપ્રિય મનુષ્યની બુદ્ધિમાં ઉતરી શકે તેવા જ વિષયો ઉપર એ શ્રદ્ધા રાખવાનું કહે છે. એ આ ધર્મની વિશેષતા છે. તેમનો ઉપદેશ સ્વયંસિદ્ધ છે.

ભગવાન બુદ્ધે સ્મૃતિની સજાગતાને બહુ મહત્વ આપ્યું છે. તેમણે કહ્યું કે: 'મનના લક્ષણો પર સ્મૃતિનો અખંડ પહેરો લાગી જાય છે ત્યારે ચિત્તમાં રહેલા શાંતિ –ધનની ચોરી થતી અટકે છે.' શરીરમાં પળેપળ થતું પરિવર્તનનું અવલોકન કરી ચિત્તની અવસ્થાનું નિરીક્ષણ કરવા શ્વાસ-ઉચ્છ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની વિપશ્યના સાધનાને પુ:ન વિકસાવી કિધું કે ' તું પોતે જ જાગ, જો, મુક્ત બન ! ' અને તેના દ્વારા જાગ્રુતિના સાધનો વિકસાવ્યા. લોકોને સ્વસ્થ અને નિરોગી જીવનનો માર્ગ પણ ચીંધ્યો. જીવનનાં દુ:ખોમાંથી માર્ગ મેળવવા માટે અને પરમ સત્તાનું સાનિધ્ય મેળવવા માટે ધ્યાન યોગનો સહારો લીધો.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧